વલસાડના ફણસવાડા ગામે માટી ઉલેચવા કોન્ટ્રાક્ટરે આખે આખું તળાવ ખાલી કરી દીધું

# માટી પ્રકરણના વિવાદ બાદ મહિલા સરપંચનું રાજીનામુ

**વલસાડના** ફણસવાડા ગામની ગ્રામસભામાં માટી ખોદકામ અંગેના ઠરાવો અને ઓર્ડર મંગાતા વિવાદ ઉઠ્યો અને સરપંચે રાજીનામુ આપવું પડ્યું

**પોલીસ** બંદોબસ્ત વચ્ચે મળેલી સામાન્ય સભામાં ડેપ્યુટી સરપંચ વિરૂદ્ધ પણ અવિશ્વાસની દરખાસ્ત મુકાઇ



વલસાડ : વલસાડના ફણસવાડા ગામમાં તળાવમાંથી માટી કાઢી રોકડી કરવા ઇચ્છતા લાલચુ કોન્ટ્રાક્ટરે આખુ તળાવ ખાલી કરી દીધું હતુ. જેના પગલે ગામજનોમાં આક્રોશ ફાટી નિકળ્યો હતો. આ પ્રકરણે પહેલાં તળાવ ખોદતા અટકાવવાની ઘટના બાદ આજરોજ મળેલી ગ્રામસભામાં તેમણે સરપંચ અને ઉપસરપંચનો ઉધડો લેતાં મામલો ગરમાયો હતો, અંતે સરપંચે રાજીનામુ આપવું પડ્યું હતુ. જ્યારે ઉપસરપંચ સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર થઇ હતી.

વલસાડના ફણસવાડા ગામે માટી ઉલેચવા કોન્ટ્રાક્ટરે આખે આખું તળાવ ખાલી કરી દીધું હતુ. જેની વિરૂદ્ધમાં ગામ લોકોએ વલસાડ કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતુ. જેની સામે માટી કોન્ટ્રાક્ટર સાથે મળેલા સરપંચ અને ડેપ્યુટી સરપંચના ગૃપે આ તળાવ માટેનો યોગ્ય કોન્ટ્રાક્ટ અપાયો હોવાની વાત સાથે સામે આવેદન પત્ર પાઠવ્યું હતુ. સામસામેની આ રજૂઆતમાં ગામના લોકો વિફર્યા હતા. ચોરી ઉપરથી સિનાજોરી કરતા સરપંચ વિરૂદ્ધ ઉગ્ર દેખાવ કરી તેમણે તળાવનું ખોદકામ અટકાવ્યું હતુ. તેમજ એટલેથી તેઓ શાંત ન રહી તેમણે ગ્રામસભામાં હોબાળો મચાવ્યો હતો. તેમણે ગ્રામસભામાં સરપંચ પાસે માટી ખોદકામ અંગેના કોન્ટ્રાક્ટ તેમજ અન્ય કામોનો હિસાબ માંગતા મહિલા સરપંચ સરોજબેન જવાબ આપી શક્યા ન હતા અને તેમણે રાજીનામુ આપી દેવું પડ્યું હતુ.

### વલસાડમાં માટી ચોરીનો કરોડોનો ખેલ

વલસાડમાં તળાવમાંથી માટી ચોરીનો મોટો ખેલ ચાલી રહ્યો છે. સરપંચની મિલીભગતમાં માટી ચોરો કોન્ટ્રાક્ટ લઇ લે છે અને તેની નજીવી રકમ ગ્રામ પંચાયતમાં જમા કરાવતા હોય છે. કરોડો રૂપિયાની માટીનું ખનન કરી તેઓ એક થી બે લાખ ગ્રામ પંચાયતમાં જમા કરાવી બેફામ રીતે માટી કાઢે છે.

# 'કાવેરી સુગરની હરાજી બંધ કરો-બંધ કરો, ખેડૂતોને ન્યાય આપો, ન્યાય આપો'

**ચીખલી** તાલુકા કોંગ્રેસ દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી કાવેરી સુગરની હરાજી અટકાવવાની માંગ

**આદિવાસી** ખેડૂતોની જીવાદોરી કાવેરી સુગરનું નિર્માણ શરૂ કરાવવાની માંગ સાથે જલદ આંદોલનની ચીમકી




ઘેજ : ચીખલી તાલુકા કોંગ્રેસ દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી આદિવાસી ખેડૂતોની જીવાદોરી સમાન કાવેરી સુગરની હરાજી અટકાવી નિર્માણ શરૂ કરાવવાની માંગ સાથે જલદ આંદોલન કરવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે. એનસીડીસી દ્વારા બાકી લેણાની રકમ ભરપાઈ નહીં કરવામાં આવે તો સાદડવેલ સ્થિત સુગરની જમીન હરાજી કરવાનું જાહેર નોટિસના માધ્યથી જાહેર કરવામાં આવેલું છે. નવસારી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શૈલેશ પટેલની આગેવાની તાલુકા પ્રમુખ આઈ.સી.પટેલ, મગનભાઇ આમધરા, હેમંતભાઇ ખરોલી, નટવરલાલ પટેલ વંકાલ સહિતનાની ઉપસ્થિતિમાં રેલી રૂપે કાવેરી સુગરની હરાજી બંધ કરો બંધ કરો, ખેડૂતોને ન્યાય આપો ન્યાય આપો ના નારા સાથે પ્રાંત અધિકારીને પાઠવેલા આવેદન પત્રમાં જણાવ્યાનુસાર વર્ષ ૧૯૮૧ માં કોંગ્રેસે આદિવાસી ખેડૂતોના હિતમાં કાવેરી સુગર મિલનો પાયો નાંખ્યો હતો. અને વર્ષ ૧૯૮૯ માં ગણદેવી સુગર સામે સુપ્રીમ કોર્ટમાં જઈને કાવેરી સુગર મીલનું લાયસન્સ મેળવ્યું હતું. અને સાદડવેલ ગામે જમીન ખરીદી હતી. જે બાદ રાજ્ય અને દેશમાં ભાજપની સરકાર આવતા સાદડવેલ ગામે કાવેરી સુગર મિલનું નિર્માણની શરૂઆત કરવામાં આવી હતી. આ કાવેરી સુગર મીલનું ખાતમુર્હૂત આનંદીબેન પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. અને એ જ દિવસે આનંદીબેન પટેલ અને નાણામંત્રી સૌરભ પટેલ દ્વારા ૧૫ હજારથી વધુ સભાસદોની ઉપસ્થિતિમાં કાવેરી સુગરમાં આદિવાસી સભાસદો વધુ હોય જેથી શેર ફાળો આવે એ પહેલા સરકારનો શેર ફાળો પૂરેપૂરો એડવાન્સમાં આપી દેવાની જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ કાવેરી સુગરનું બાંધકામ શરૂ થયા બાદ સરકારનો ૧૯.૫૧ કરોડનો શેર ફાળો પૂરેપૂરો આપવામાં આવ્યો નથી. સાથે જ ગુજરાત સરકારના આદિવાસી વિભાગ દ્વારા ૨૩/૦૯/૨૦૨૨ થી એક ઠરાવ કરવામાં આવ્યો હતો. જેમાં આદિવાસી સભાસદોની શેર મૂડી લોન આપવાની વાત કરવામાં આવી હતી. જે શેર મૂડી લોન પણ આજદિન સુધી આપવામાં નથી.

NCDC દ્વારા કાવેરી સુગરની હરાજીની જાહેરાત કરવામાં આવી છે. ત્યારે ૨૫ હજારથી વધુ સભાસદો ધરાવતી કાવેરી સુગરમાં ૧૯ હજાર સભાસદો માત્ર ને માત્ર કાવેરી સુગર સાથે જ જોડાયેલા છે. ત્યારે કાવેરી સુગરની હરાજીથી આદિવાસીઓને મોટું નુકશાન થાય એમ છે.

### ડબલ એન્જિન સરકારના હોદેદારો જ કાવેરી સુગર મીલના નિયુક્ત બોર્ડમાં

ડબલ એન્જિનની સરકારમાં વિકાસની વાતો કરતી ભાજપ સરકારના હોદેદારો જ કાવેરી સુગર મીલમાં સરકાર દ્વારા નિયુક્ત બોર્ડમાં છે. અને કેટલાક ભાજપના નેતાઓના પરીવારના સભ્યો પણ ડિરેક્ટરમાં હોય તો પછી કાવેરી સુગર મિલનું નિર્માણ કેમ આજ દિન સુધી થઇ શક્યું નથી. ત્યારે આ મુદ્દાને લઈને હવે કોંગ્રેસ મેદાને આવી છે. અને નવસારી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આજરોજ ચીખલ પ્રાંત અધિકારીને એક આવેદનપત્ર આપીને કાવેરી સુગરની હરાજી અટકાવવાની માંગ કરી છે. અને જો તેમની આ માંગ પૂર્ણ કરવામાં ન આવે તો આગામી સમયમાં જલદ આંદોલન કરવાની ચીમકી પણ આપવામાં આવી છે.

### ખેડૂતોનું રીતસરનું શોષણ કરતા કોલાના સંચાલકો

ખેડૂત ભીખુભાઇ ગરાસીયાના જણાવ્યાનુસાર આ વિસ્તારના આદિવાસી ખેડૂતો કાવેરી સુગર મીલ શરૂ ન થતા ખાનગી કોલાઓમાં પોતાની શેરડી વેચવા માટે મજબૂર બન્યા છે. જ્યાં તેમને પોષણક્ષમ ભાવ પણ મળતા નથી. આ કોલાના સંચાલકો દ્વારા ખેડૂતોનું રીતસરનું શોષણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે કાવેરી સુગરને વહેલી તકે ચાલુ કરવામાં આવે તેવી ખેડૂતો આશા રાખી રહ્યા છે.

## દમણના 22 કોન્સ્ટેબલ અને 6 હેડ કોન્સ્ટેબલની આંતરિક બદલી

દમણ : દમણ પોલીસ અધિક્ષકે 22 કોન્સ્ટેબલ અને 6 હેડ કોન્સ્ટેબલની આંતરિક બદલી કરી છે. પોલીસ અધિક્ષક કેતન બંસલે હેડ કોન્સ્ટેબલ યુવરાજ જાડેજાની નાની દમણથી કચીગામ, શશીકાંત પીઠાને મોટી દમણથી કચીગામ, નટવર કોળીને કચીગામથી ડાભેલ, આશિષ ત્રિવેદીને કાચીગામથી દમણ, રોહિત સિંહ જાડેજાને નાની દમણથી કચીગામ બદલી કરવામાં આવી છે. પ્રકાશ માહ્યાવંશીને ડાભેલથી મોટી દમણમાં જ્યારે કોન્સ્ટેબલમાં તેજશ ભંડારી, સચિન ભંડારી અને અમિત પટેલને નાની દમણથી કડૈયા, રાહુલ દેવને નાની દમણથી સીઆઈડી, બંટી હળપતિને નાની દમણથી ડાભેલ, મિત્તલ વૈશ્યને મોટી દમણથી ડાભેલ, સચિનને નાની દમણ, જયંતી સોલંકીને ટ્રાફિક, સુનણી પટેલને ડાભેલ, બંટી હળપતિને ટ્રાફિક, મોસીન ખાનને ડોગ સ્ક્વોડ, ભાવિન મીટનાને કડૈયા, વનિતા જાંબુચાને નાની દમણ, મોનિક ભંડારીને નાની દમણ, શિવમ સિંહને મોટી દમણ, જતીન પટેલને મોટી દમણ, ભૂષણ રાઉતને કચીગામ, મિતેશ માંગેલાને કાચીગામ, રવિ ગુપ્તાને ડાભેલ, સંજય કુમાર અને એચઆર ડોરિકને કડૈયા પોલીસ સ્ટેશન બદલી કરવામાં આવી છે.

## યુવતીને લગ્નની લાલચે ગર્ભવતી બનાવનાર નવસારીનો ટેટુ આર્ટિસ્ટ ભૂગર્ભમાં ઉતરી ગયો

**નવસારીની** યુવતીને લગ્ન કરવાની લાલચ આપી શરીર સંબંધ બાંધી ગર્ભવતી કર્યા બાદ ગર્ભ પડાવી નાંખ્યો હતો

નવસારી : નવસારીમાં યુવતીને લગ્ન કરવાની લાલચ આપી શરીર સંબંધ બાંધી ગર્ભવતી કર્યા બાદ ગર્ભ પડાવી નાંખનાર ટેટુ આર્ટિસ્ટ પોલીસ પકડથી બચવા માટે ભૂગર્ભમાં ઉતરી ગયો છે.

મળતી માહિતી મુજબ, નવસારીમાં રહેતા અને ડ્રીમલેન્ડ ટેટુ સ્ટુડિયોના માલિક જય સોનીએ તેના સ્ટુડિયોમાં ટેટુ કરાવવા આવેલી યુવતીને જૂઠું બોલી પ્રેમજાળમાં ફસાવી હતી. ત્યારબાદ જય સોનીએ યુવતીને મળવા બોલાવી લગ્ન કરવાની લાલચ આપી બહેલાવી-ફોસલાવી શરીર સંબંધ બાંધ્યા હતા. ઘણી વાર જય સોનીએ યુવતી સાથે અલગ-અલગ જગ્યાએ શરીર સબંધ બાંધતા યુવતીને ગર્ભ રહી ગયો હતો.

ત્યારે જય સોનીએ તેની પત્ની સાથે ડિવોર્સ થયા ન હોવાથી ગર્ભ રાખી શકાય તેમ નથી તેવું યુવતીને જણાવ્યું હતું. જોકે યુવતીએ ગર્ભ પડાવવાની ના પાડી હતી. પરંતુ જય સોનીએ યુવતીને ગોળીઓ આપી અને હોસ્પિટલ લઈ જય ગર્ભ પડાવી નાંખ્યો હતો. ત્યારબાદ જય સોનીએ યુવતીને લગ્ન કરવાની ના પાડી તેને અપશબ્દો બોલી જાતિવિષયક અપમાનિત કરી હતી. આ બાબતે યુવતીએ નવસારી ટાઉન પોલીસ મથકે જય સોની વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. પોલીસે આરોપી જય સોનીને ઝડપી પાડવા માટેના પ્રયાસો હાથ ધર્યા છે. પરંતુ આરોપી જય સોની પોલીસ પકડથી બચવા માટે ભૂગર્ભમાં ઉતરી ગયો હોય તેમ લાગી રહ્યું છે.

## ખડસુપા બોર્ડીંગ બ્રિજ ઉપર વાહન ચાલકે 100 ફૂટ ઘસડતા યુવાનનુ મોત

**યુવાનને** ટક્કર મારી ઘસડતા શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા ઘટના સ્થળે જ મોત નીપજ્યું

નવસારી : નેશનલ હાઈવે નં. 48 ઉપર ખડસુપા બોર્ડીંગ બ્રિજ ઉપર અજાણ્યા વાહન ચાલકે અજાણ્યા યુવાનને ટક્કર મારી 100 ફૂટ સુધી ઘસડી જતા અજાણ્યા યુવાનનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતુ. ગત 14મીએ નેશનલ હાઈવે નં. 48 ઉપર ખડસુપા બોર્ડીંગ બ્રિજ ઉપર મુંબઈથી અમદાવાદ જતા ટ્રેક ઉપર એક અજાણ્યા વાહન ચાલકે અજાણ્યા યુવાનને (ઉ.વ.આ. 35 થી 40) ટક્કર મારી તેને 100 ફૂટ સુધી ઘસડ્યો હતો. જેના પગલે તે અજાણ્યા યુવાનને શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે નવસારી ગ્રામ્ય પોલીસ મથકે જાણ કરતા પોલીસે ઘટના સ્થળે પહોંચી લાશનો કબ્જો લઈ પી.એમ. અર્થેની તજવીજ હાથ ધરી હતી. જ્યારે પોલીસે જયેશભાઈ હળપતિની ફરિયાદને આધારે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા આગળની તપાસ પી.એસ.આઈ. એન.એ. પટેલે હાથ ધરી છે.

મૃતક મધ્યમ બંધનો તથા રંગે ઘઉં વર્ણનો હતો. જેની ઉંચાઈ 5 ફૂટ 6 ઈંચ છે. જેના શરીરે છાતીના ભાગે જમણી બાજુ ગુજરાતીમાં મર્દ તથા દાબી બાજુએ અંગ્રેજીમાં એમએસ લખ્યું છે. આ બાબતે પોલીસે મૃતકના પરિવારજનો અને સગાસંબંધીઓને શોધવાના પ્રયત્નો હાથ ધર્યા છે.

## ભીલાડ સ્ટેશને ટ્રેન અડફેટે યુવકનું મોત

વાપી : ભીલાડ રેલવે સ્ટેશન પ્લેટફોર્મ નં. 2 ઉપરથી પસાર થઈ રહેલી પશ્ચિમ સુપરફાસ્ટ એક્સ. ટ્રેનની અડફેટે યુવક આવી જતા તેને માથા તથા શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. મરનાર યુવકની જાણ રેલવે પોલીસને થતાં સ્થળ પર પહોંચી હતી જો કે, તેની ઓળખ થઈ ન હતી.

## બલવાડામાં ટીટોડીએ ચાર ઊભા ઈંડા મૂકવા સારા વરસાદનું અનુમાન

ઘેજ : ચીખલી તાલુકાના બલવાડા ગામમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગની નજીકના એક ખેતરમાં ટીટોડીના ચાર જેટલા ઊભા ઈંડા જોવા મળ્યા હતા. ટીટોડી ઊભા ઈંડા મૂકે તેવા સંજોગોમાં ચોમાસામાં સારો વરસાદ થવાનું અનુમાન કરાતું હોય છે.




## સરીગામની કંપનીમાં પાઈપલાઈનમાં વિસ્ફોટ થતા કામદાર ગંભીર રીતે દાઝી ગયો

**આ** ગંભીર દુર્ઘટના સંદર્ભે તપાસ કરી કંપનીના સંચાલકો સામે કાયદેસરના પગલાં ભરવા કલેક્ટર તથા જીપીસીપીને રજૂઆત

ઉમરગામ : સરીગામ સ્થિત કંપનીમાં ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન એક કામદાર દાઝી જતા ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયો છે.

આ ગંભીર દુર્ઘટના સંદર્ભે જવાબદાર કંપનીના સંચાલકો સામે કાયદેસરના પગલાં ભરવા જિલ્લા કલેક્ટર, જીપીસીપી સહિત ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવામાં આવી છે.

ઉમરગામ ભીલાડના સામાજિક આગેવાન મિતેશભાઇ પટેલે વલસાડ જિલ્લા કલેક્ટર, સંયુક્ત નિયામક ઔદ્યોગિક સલામતી અને આરોગ્ય વિભાગ વલસાડ, સભ્ય સચિવ ગુજરાત પોલ્યુશન નિયંત્રણ બોર્ડ ગાંધીનગર વિગેરેને લેખિતમાં રજૂઆત કરી જણાવ્યું કે ઉમરગામ તાલુકાના સરીગામ જીઆઇડીસી કેમિકલ ઝોનમાં આવેલી વેલિયન્ટ ઓર્ગેનિક લિમિટેડ કંપનીમાં સોમવારે સાંજે અચાનક પેરા ક્લોરો ફિનોલની ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન થયેલા પાઈપલાઈન વિસ્ફોટથી કંપનીમાં કામ કરતા કરજગામના રહીશ મેહુલ પટેલ (ઉ.વ. આશરે 30 વર્ષ) ગંભીર રીતે દાઝી ગયો છે, જે હાલ ભીલાડની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ ગંભીર દુર્ઘટના છતાં કંપની સંચાલકો દ્વારા પોલીસને તથા જીપીસીપી સહિતના લાગતા વળગતા ખાતાને તાત્કાલિક જાણ કરવામાં આવી નથી. તો આ સમગ્ર બાબતે જરૂરી તપાસ કરાવી આ દુર્ઘટના અંગે જવાબદાર સંચાલકો સામે જરૂરી કાયદેસરના પગલાં ભરવા અમારી માંગ છે.

### છીરીમાં બિલ્ડીંગની લીફ્ટ તૂટી જતા યુવકનું મોત

વાપી : વાપીના છીરી ખાતે રામનગરમાં આવેલી ચામુંડા હાઈટ્સ બિલ્ડીંગની લીફ્ટ તૂટી જતા યુવકનું મોત નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ મૃતકના પિતાએ વાપી ડુંગરા પોલીસ મથકમાં કરી હતી. છીરી ગામ રામનગરમાં વિનોદ લાલજીસીંગ (ઉ.આ.61) પરિવાર સાથે રહે છે. તેનો 24 વર્ષીય પુત્ર ગોવિંદસીંગ નજીકમાં આવેલી ચામુંડા હાઈટ્સ બિલ્ડીંગમાં ગયો હતો જે લીફ્ટનો ઉપયોગ કરતી વેળા આકસ્મિક રીતે લીફ્ટ તૂટી જતા યુવકનું મોત નિપજ્યું હતું.


## ગ્રામ પંચાયત નારગોલ

ગ્રામ પંચાયત કચેરી, તા. ઉમરગામ, જિ. વલસાડ, ગુજરાત - ૩૯૬૧૩૫

### જાહેર હરાજી

આથી લગતા વળગતા તમામ ઇસમોને જાણ કરવામાં આવે છે કે, ગ્રામ પંચાયત નારગોલની હદમાં થતાં નીચે મુજબના કામો માટેની જાહેર હરાજી પ્રક્રિયા સ્થગિત કરવામાં આવી હતી જે ફરી રાખવામાં આવી છે.

| ક્રમ | કામનું નામ | અપસેટ વેલ્યુ | ડિપોઝિટ |
|---|---|---|---|
| 1 | પ્રિ-વેડિંગ / પ્રિ-મેટરનિટી શૂટિંગ કર હરાજી | 10,00,000/- | 25,000/- |
| 2 | ચોરતલાવડી બીચ PAY & PARK માટે એજન્સી નક્કી કરવા હરાજી | 01,00,000/- | 15,000/- |
| 3 | માંગેલવાડ બીચ PAY & PARK માટે એજન્સી નક્કી કરવા હરાજી | 50,000/- | 10,000/- |
| 4 | બજાર કર હરાજી - ગ્રામ પંચાયત નારગોલ બજાર | 50,000/- | 10,000/- |
| 5 | ચોરતલાવડી મેદાન PAY & USE TOILET માટે એજન્સી નક્કી કરવા હરાજી | 05,000/- | 01,000/- |
| 6 | માંગેલવાડ મેદાન PAY & USE TOILET માટેની એજન્સી નક્કી કરવા હરાજી | 05,000/- | 01,000/- |

ઉપરોક્ત કામો માટે વાર્ષિક ઇજારો (25 એપ્રિલ 2025 થી 31 માર્ચ 2026 સુધી) સોંપવા એજેન્સી નક્કી કરવા ગ્રામ પંચાયત કચેરી ખાતે મંગળવાર તા. 22/04/2025ના રોજ સવારે 11:30 વાગ્યેથી જાહેરહરાજી રાખવામાં આવી છે, જેમણે હરાજીમાં ભાગ લેવો હોય તેમણે 11:00 વાગ્યા સુધી ડિપોઝીટની રકમ સાથે નામ નોંધણી કરવા નમ્ર વિનંતી છે.

નોંધ: હરાજીની શરતો હરાજીના સમયે વાંચી સંભળાવવામાં આવશે.

ઉપરોક્ત તમામ હરાજી સ્થાનિક ગ્રામજનો પૂરતી મર્યાદિત છે.

| | | |
|---|---|---|
| પ્રદીપભાઈ એસ. કેવટ<br>તલાટિ કમ મંત્રી<br>ગ્રામ પંચાયત નારગોલ | [ જાહેરહરાજી ]<br>મંગળવાર તા.22/04/2025ના<br>રોજ સવારે 11:30 વાગ્યેથી | સ્વીટી યતીન ભંડારી<br>સરપંચ<br>ગ્રામ પંચાયત નારગોલ 15/04/2025 |


### સાપુતારા પોલીસનો પ્રોહીબિશનનો વોન્ટેડ આરોપી ઝડપાયો

સાપુતારા :સાપુતારાનાં પી.આઈ.આર.એસ.પટેલનાં માર્ગદર્શન હેઠળ ડી સ્ટાફનાં માણસો દ્વારા હ્યુમન રિસોર્સ તથા ટેક્નિકલ એનાલિસિસની મદદથી સાપુતારા પોલીસ મથકે પ્રોહિબિશનના ગુનામાં આરોપી મોહીન અજીજભાઈ પરમાર (રહે.અમરેલી) ની અટકાયત કરી છે. આ આરોપી અમરેલી પોલીસ મથકે પણ દારૂના ગુનામાં સંડોવાયેલો છે.

## અમલસાડ, અંધેશ્વર મંદિરની રજતજયંતી પર્વે નવીન પ્રકલ્પોનું મંત્રી સી.આર. પાટીલનાં હસ્તે લોકાર્પણ



પાણી માટે ભવિષ્યમાં ત્રીજું વિશ્વયુદ્ધ થશે: કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર.પાટીલ

અમલસાડ: તા. ૧૩/૦૪/૨૦૨૫ ને રવિવારે સાંજે અંધેશ્વર મહાદેવ મંદિર, અમલસાડની રજત જયંતી પર્વે સોળ કરોડથી વધુના ખર્ચે તૈયાર થયેલ દ્વાદશ જ્યોતિર્લિંગ, શિવ બ્રહ્માંડ ઉપવન, રામકુટિર, સાંઈકુટિર, નવગ્રહ તથા અલ્પાહારગૃહ વગેરે નવીન પ્રકલ્પોનું કેન્દ્રીય જળશકિત મંત્રી શ્રી સી.આર. પાટીલનાં હસ્તે લોકાર્પણ કરાયું હતું.

શ્રી અંધેશ્વર મંદિર ટ્રસ્ટના પ્રમુખ ડો. નિમેષ વશીએ સૌને આવકારતાં કહ્યું હતું કે ૮૦૦ વર્ષ પૂરાણા આ મંદિરનો ૧૨મી સદીમાં બહારી આક્રમણ દરમ્યાન નાશ થયો હતો અને આશરે ૩૨૫ વર્ષ પૂર્વે ગામલોકોએ એક નાનું મંદિર બનાવ્યું હતું. એ મંદિરનો સને ૨૦૦૧ માં જીર્ણોધ્ધાર કરાયો હતો. ૨૫ વર્ષના તબક્કાવાર વિકાસમાં અમારા પારિવારીક ટ્રસ્ટ તથા એન્વાયરો કન્ટ્રોલ પ્રા. લી. સુરતે ઉમદા ભાવે રૂ. ૩૧ કરોડનું દાન ઉપરાંત સમયનું પણ યોગદાન આપ્યું છે. દાન કરતાં સમય મૂલ્યવાન છે. અમલસાડ અને સરીબુજરંગ બે જોડીયા ગામ છે. મારું પ્રાથમિક શિક્ષણ સરીબુજરંગ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અમલસાડ ગામે હતું અને મારે બંને ગામનું રૂણ ચૂકવવાનું હતું. અમલસાડ ગામમાં ધાર્મિક અને સામાજીક પ્રસંગો માટે સાંસ્કૃતિક હોલ તૈયાર થયો છે અને સરીબુજરંગમાં ત્રણ વર્ષ અગાઉ રૂા. ૪ કરોડના ખર્ચે સ્મશાનગૃહ બનાવવામાં આવ્યું કે જેનો આર્કિટેકટની દ્રષ્ટીએ દેશના પ્રથમ પાંચ સ્મશાનગૃહમાં નંબર આવે છે. સમાજની જરૂરીયાતોમાં મદદરૂપ થઈ પડે તે હેતુ તથા આ બંને પ્રોજેક્ટોના નિભાવ ખર્ચ માટે અમારા પારિવારીક ટ્રસ્ટ તરફથી દર વર્ષે રૂ.૧૧-૧૧ લાખ આપવાની જાહેરાત કરવામાં આવી હતી. તે ઉપરાંત, ૧૦ લાખથી ઓછી આવક ધરાવતા અનાવિલ પરિવારની દિકરીના લગ્ન અંધેશ્વર મહાદેવ સંકુલમાં કરવામાં આવે તો તેમને અમારા પારિવારિક 'પ્રિત ચેરીટેબલ ટ્રસ્ટ' દ્વારા સંકુલની સુવિધાઓ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવાની જાહેરાત કરવામાં આવી હતી. આ સહાયનો લાભ અન્ય સમાજની જરૂરીયાતમંદ દિકરીઓ પણ લઈ શકશે. આ પ્રસંગે શ્રી અંધેશ્વર મહાદેવ મંદિરને ૬૫ લાખનું દાન આપનાર ઉ સંદિપભાઈ આસોલકર, CMD-એસ.એફ.સી., મુંબઈના નામે પર્યાવરણ માહિતી કેન્દ્ર બનાવવાની જાહેરાત પણ કરવામાં આવી હતી. કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલે જણાવ્યું હતું કે, ડો. નિમેષ વશીએ ૨૫ વર્ષ દરમ્યાન જે નિર્માણ કર્યું છે એનો ઈતિહાસ આપ સૌની નજર સમક્ષ છે. મેં શ્રી અંધેશ્વર મહાદેવ મંદિરે દર્શન કરી ધન્યતા અનુભવી છે. ડો. નિમેષ વશી ટેક્નોલોજીના માણસ છે. હું દક્ષિણ ગુજરાતની વાત મારા મંત્રાલયમાં ગૌરવપૂર્વક રજુ કરું છું. આપણા માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સો ગરણે પાણી ગાળ્યા પછી પાણી પીવે. ટેક્નોલોજી અને વ્યકિત સારી હોય તો જ ઉદ્દઘાટનમાં જાય છે. એમણે ડો. નિમેષ વશીના મહત્વના પ્લાન્ટો લોકાર્પણ કર્યા છે. નાના ગામમાંથી નીકળેલા વ્યક્તિની છલાંગ એટલી મોટી છે કે આપણા દેશમાં કાર્યરત વોટર અને વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં સૌથી વધુ એમના પ્લાન્ટ છે. દેશમાં સુએઝ-રિયુઝ અને રીસાઈકલ, ટર્શરી ટ્રીટમેન્ટનો અમલ કરવાનો શ્રેય ડો. નિમેષ વશીને જાય છે. જળશકિત મંત્રીએ કેચ ધ રેઈન જળસંચય અભિયાનમાં બે મહિના અગાઉ ૧૦ લાખ સ્ટ્રકચર પુરા કરાયા સહિતની અનેક માહિતી આપી હતી. શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે ત્રીજુ વિશ્વયુદ્ધ પાણી માટે થશે પરંતુ ભારતમાં શ્રી મોદી સાહેબના કરાયેલા પ્રયાસોથી એની સૌથી ઓછી અસર થશે. શ્રી પાટીલે એમના જળશક્તિ મંત્રાલય દ્વારા કરાયેલી કામગીરીની માહિતી આપી હતી અને લોકોને એમાં જોડાવાની અપીલ કરી હતી. સમારંભના અતિથિવિશેષ અને પર્યાવરણવીદ શ્રી સંદિપ આસોલકર, CMD-એસ. એફ.સી., મુંબઈ એ જણાવ્યું હતું કે ડો. નિમેષ વશી તથા ડો. આનંદ વશીએ અત્યાર સુધી દુનિયાની બધી જ આધુનિક ટેક્નોલોજી ઉપર વોટર, સુએઝ, ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટ, તથા મેમ્બરેઈન બેઈઝ વોટર અને ટરશીયરી ટ્રીટમેન્ટ પ્લાન્ટો બનાવ્યા છે. ડો. નિમેષ વશી ભારતમાં આ ક્ષેત્રમાં ૫૦ વર્ષનો સૌથી વધુ અનુભવ ધરાવતા આ કાર્યક્ષેત્રના તજજ્ઞ અને "ગુરૂ"છે આ પ્રસંગે ટ્રસ્ટીશ્રીઓ, સેવકો, મંદિરના કર્મચારીઓ તથા પ્રોજેકટના કન્સલ્ટન્ટ / આર્કિટેકટ શ્રી કોબિલ્ડ અને પીપલ કોલાજ, અમદાવાદનું સન્માન કરવામાં આવ્યું હતું અને મંદિરના કર્મચારીઓને રૂા. ૨૫ હજારના પુરસ્કાર સાથે સન્માનિત કરાયા હતા. મુંબઈના સાયલી કાંબલેએ ભજનો રજૂ કર્યા હતા. આ પ્રસંગે શ્રી પરેશભાઈ દેસાઈ (નવસારી જીલ્લા પંચાયત પ્રમુખ) ધારાસભ્ય શ્રી નરેશભાઈ પટેલ (ગણદેવી વિધાનસભા), ધારાસભ્ય શ્રી રાકેશભાઈ દેસાઈ (નવસારી વિધાનસભા), ભારતીબેન વશી, સહિત વિભાગના તથા સુરત શહેરનાં અગ્રણીઓ ઉપરાંત એન્વાયરો કન્ટ્રોલ પ્રા.લી., સુરતના તજજ્ઞો ઉપસ્થિત રહ્યા હતા.